ક્રમાંક:માધ્ય/પરચ/૨૦૧૮-૧૯ / ૯૭૪૨-૭૭

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.ગાંધીનગર

તા ૦૫/૦૯/૨૦૧૮

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

વિષય: વિદ્યાર્થીઓ વિનામૂલ્યે "ચિલ્ડ્રન પાર્ક"ની મુલાકાત બાબત.

સંદર્ભ: દાદા ભગવાન ફાઉન્ડેશન, અડાલજના તા.૦૪/૦૯/૨૦૧૮ના પત્ર

અન્વયે.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, દાદા ભગવાન પ્રેરિત ત્રિમંદિર સંકુલ, અમદાવાદ-કલોલ હાઇવે, અડાલજ, તા.જિ.ગાંધીનગરના તા.૦૪/૦૯/૨૦૧૮ના પત્રની નકલ મોકલી આપવામાં આવે છે.

પ્રસ્તુત બાબતમાં દાદા ભગવાન ફાઉન્ડેશનના ઉકત પત્રમાં જણાવ્યા મુજબ તા.૧૫/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ દરમ્યાન અડાલજ ખાતે દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતિ ઉજવનાર હોઇ, આ મહોત્સવમાં વિના મૂલ્યે ચિલ્ડ્રન પાર્કની મુલાકાત લેવા આપના જિલ્લા હસ્તકની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો/વિદ્યાર્થીઓને લાભ લેવા જણાવવામાં આવે છે. આ ચિલ્ડ્રન પાર્કમાં ખાસ આકર્ષણોમાં પ્રમાણિકતા પર ખાસ એનિમેશન શો, 'ઉડાન' બાળકોને અભ્યાસકાળ દરમ્યાન આવતી મુશ્કેલીઓનો સામનો કરી શકે તે માટેનો મોટીવેશન શો, મોબાઇલ એડિકશન પર સ્પેશયલ શો, આ સિવાય રમતોનો ઝોન, એકિટવીટી સેન્ટર અને ચિલ્ડ્રન પ્લે એરિયા,,કિડઝાનિયા બાળકો માટેનું લર્નિંગ શો તથા એમ્ફી થિયેટરમાં ભાગ લેનાર દરેક શાળાના બાળકોને સ્ટેજ ઉપર કાર્યક્રમ રજુ કરવાની તક જેવા કાર્યક્રમો થનાર છે. <u>આ તમામ કાર્યક્રમોમાં વિનામૂલ્યે પ્રવેશ છે.</u>

આ મહોત્સવમાં બાળકો સંસ્કાર સિંચન શિબિર દ્વારા સંસ્કારલક્ષી જીવન જીવવાની ચાવીઓ મેળવવા, બાળકો માટેના પપેટ શો, ફિલ્મ શો, પ્રદર્શનો, જ્ઞાનવર્ધક પુસ્તકો તથા રમતોનું વિશાળ પાયા પર આયોજન કરવામાં આવનાર છે. તેથી દરેક માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકો ભારતીય સંસ્કૃતિને ઓળખી પોતાના જીવનમાં સારી રીતે ઉતારી શકે તે હેતુસર વધુમાં વધુ શાળાઓ મારફતે બાળકો આ કાર્યક્રમનો લાભ લે તે માટે જણાવવામાં આવે છે. આ કાર્યક્રમ તા.૧૫/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ દરમ્યાન સવારે ૯.૦૦ કલાકથી સાંજના ૪.૩૦ કલાક સુધી ચાલુ રહેશે. તેથી આ બાબતે અત્રેથી તમામ શાળાઓને ઉકત કાર્યક્રમ દરમ્યાન અનુકૂળતા મુજબ સ્વૈચ્છિક રીતે લાભ લેવા આપની કક્ષાએથી આપના જિલ્લા હસ્તકની તમામ શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

(સહી)

સંયુકત શિક્ષણ નિયામક(માધ્યમિક)

કમિશનર શાળાઓની કચેરી,

ગુ.રા.ગાંધીનગર

ક્રમાંક: માવિ.૨/ પ્રવાસ/ ૨૦૧૮/ ૫૭૭૦૦-૯૦૦, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી બનાસકાંઠા, પાલનપુર તા.૦૭/૦૯/૨૦૧૮

પ્રતિ- નકલ રવાના ઉચિત કાર્યવાહી અર્થે સાર.

(સહી)

જિલ્લા શિક્ષણાધિકારી

બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.

"દાદા ભગવાનના અસીમ જય જયકાર હો"

# Dada Bhagwan Foundation

દાદા ભગવાન પ્રેરિત ત્રિમંદિર સંકુલ, અમદાવાદ-કલોલ હાઈવે, અ... ...૨૪૨૧

તા. ૪ /૦૯/૨૦૧૮

પ્રતિ,
નિયામક શ્રી,
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૯,
ગાંધીનગર.

વિષય : તા.૧૫/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ દરમ્યાન અડાલજ ખાતે ઉજવવામાં આવનાર પ.પૂ. શ્રી દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતિના આધ્યાત્મિક(ધાર્મિક) મહોત્સવમાં વિના મૂલ્યે ચિલ્ડ્રન પાર્ક, (જી.એન.સી. પાર્ક)ની મુલાકાત અંગે વિધાર્થીઓને પ્રોત્સાહન આપવા સંબંધી અને શાળાઓને તે માટે સહકાર આપવા અંગે પરિપત્ર બહાર પાડવા બાબત.

માનનીય સાહેબશ્રી,

આ કાળમાં જેમને અદભુત આત્મજ્ઞાન પ્રાપ્ત થયુ અને જગત કલ્યાણના ધ્યેય માટે 'અક્રમજ્ઞાન' રૂપે પ્રગટ કર્યું, એવા જ્ઞાની પુરૂષ શ્રી દાદા ભગવાનનાં નામથી સહુ પરિચિત છીએ. તેમનો પ્રરૂપેલો માર્ગ સ્વ.પૂ. નિરૂમા થકી ચાલુ રહ્યો અને અત્યારે પૂ. શ્રી.દિપકભાઈ દેસાઈ થકી જીવંત છે. પ.પૂ. દાદાશ્રીની ભાવના હતી કે જગત મતમતાંતર અને વાડા-સંપ્રદાયથી મુક્ત થઈ જવુ જોઈએ. આપણા ભારત દેશમાંથી મતાર્થ જતો રહેવો જોઈએ, તે માટે આજની યુવાન પેઢીને સાચો રસ્તો બતાવવાની જરૂર છે, કારણ કે આજનો બાળક જ આવતી કાલનું ભવિષ્ય છે. આજના યુવાનો તંદુરસ્ત મન ધરાવે છે અને આગ્રહ દુરાગ્રહથી પર છે. તેમને જો સાચું માર્ગદર્શન મળે તો આખા ભારતમાં ફેરફાર કરી નાખશે અને તેમ થઈને જ રહેવાનું છે.

પ.પૂ. શ્રી દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતિ મહોત્સવ, તા.૧૫/૧૧/૨૦૧૮ થી તા.૨૫/૧૧/૨૦૧૮ દરમ્યાન અડાલજ, તા.જિ-ગાંધીનગર ખાતે અમદાવાદ-કલોલ હાઈવે, દાદા ભગવાન પ્રેરિત ત્રિમંદિર સંકુલ - પાછળ મેદાનમાં ઉજવવામાં આવનાર છે.

આ પ્રસંગમાં અમેરિકા,ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, યુ.કે., જર્મની સ્પેન, આફ્રિકા, સિંગાપુર, તેમજ ભારતના ખુણેખુણેથી મોટી સંખ્યામાં દેશ-વિદેશી લોકો ભાગ લેશે.

આધ્યાત્મિક સત્સંગ ઉપરાંત દાદા ભગવાન પરિવાર દ્વારા "જ્ઞાનીની છાયા"ના નેજા હેઠળ બાળકો તથા યુવાનો

Sh Bhadrawe
We may circulate to all schools through DEO
4/9/18

Dada Bhagwan Foundation
CIN :- U74120GJ2015NPL082476
Regd. Off : "Dada - Darshan", 5, Mamta Park Society, Behind Navgujarat College, Usmanpura, Ahmedabad - 380 014.
Phone: (079) 3983 0100, 2754 0408. www.dadabhagwan.org; e-mail: info@dadabhagwan.org

Scanned with CamScanner

માટે ખાસ સંસ્કારલક્ષી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. એમના માટે સંસ્કાર સિંચન શિબિર દ્વારા સંસ્કાર પ્રેરનાર પપેટ શો, ફિલ્મ શો, વિદ્યાર્થીઓ માટે સંસ્કારલક્ષી જીવન જીવવાની ચાવીઓ મેળવી શકાય એવા એક્ષપિરીયન્સના શો, પ્રદર્શનો, જ્ઞાનવર્ધક પુસ્તકો તેમજ રમતોનું વિશાળ પાયા પર આયોજન કરવામાં આવશે. પૂર્વ ઉજવેલ આવા પ્રસંગોમાં બાળકો, માતા પિતા સાથે સાંજે ૪ વાગ્યે આવે, ત્યાર બાદ રાત્રે ૧૦ વાગ્યે આ શો બંધ થાય ત્યારે પણ ત્યાંથી ઘરે જવા તૈયાર ન થાય એવા અનુભવો થયેલા છે. વળી માતા-પિતા પણ આ પ્રદર્શનથી પોતાના બાળકોના ઉછેરમાં પોતાની ભૂલો સમજાવવાથી, કૌટુંબીક સંબંધોમાં તાત્કાલિક ફેરફાર થયાના અનેક અનુભવો જણાવતા હોય છે.

**આ વર્ષે ચિલ્ડ્રન પાર્ક (જી.એન.સી. પાર્ક)ના ખાસ આકર્ષણોમાં**

૧. પ્રમાણિકતા પર ખાસ સ્પેશીયલ એનીમેશન શો
૨. 'ઉડાન' બાળકોને અભ્યાસકાળ દરમ્યાન આવતી મુશ્કેલીઓનો સામનો કરી શકે તે માટેનો મોટીવેશનલ શો.
૩. મોબાઈલ એડિક્શન પર સ્પેશિયલ શો
૪. પપેટ શો
૫. આ સિવાય રમતોનો ઝોન, એક્ટિવિટી સેન્ટર અને ચિલ્ડ્રન પ્લે એરિયા
૬. કિડ્ઝાનીયા બાળકો માટેનું લર્નીંગ શો
૭. એમ્ફી થિયેટરમાં ભાગ લેનાર દરેક શાળાના વિદ્યાર્થીઓને સ્ટેજ ઉપર કાર્યક્રમ રજુ કરવાની તક

**ખાસ નોંધ : આ બધી જ પ્રવૃત્તિઓની કોઈપણ ફી લેવામાં આવતી નથી.**
**વિદ્યાર્થીઓ માટે સમય : સવારે ૯ થી સાંજે ૪-૩૦**

ઉપરોક્ત વિવિધ પ્રવૃત્તિઓમાં રાજ્યની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ લાભ મેળવે તથા કોઈ શાળા આનાથી વંચિત ન રહી જાય તે માટે સઘળી શાળાઓને આની જાણ થાય અને તેઓ આની મુલાકાત લે, તે માટે એક પરિપત્ર બહાર પાડવા નમ્ર વિનંતી છે.
બાળકોના હિતની આ પ્રવૃત્તિને સહકાર આપી પ્રોત્સાહન આપવા વિનંતી.

જય સચ્ચિદાનંદ !

આપનો વિશ્વાસુ,

(અક્ષેશ શાહ)
મો.- ૯૯૨૪૩૪૩૮૦૩
દાદા ભગવાન ફાઉન્ડેશન વતી,



Scanned with CamScanner